આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતવ શૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૪-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## બજેટ-નાણામંત્રી-1

કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગઈકાલે વર્ષ 2024-25નું બજેટ રજૂ કર્યું હતું. એનડીએ સરકારની ત્રીજી મુદતનું પ્રથમ બજેટ રજૂ કરતા નાણા મંત્રીએ જણાવ્યું કે, વિક્સિત ભારતનો સંકલ્પ સાકાર કરવા કુલ નવ પ્રાથમિકતાઓ નક્કી કરવામાં આવી છે, જેમાં ખેતીની ઉત્પાદકતા વધારવા, યુવાનોમાં રોજગારી અને કાર્યકુશળતા વધારવા, માનવ સંસાધન વિકાસ, સામાજિક ન્યાય, શહેરી વિકાસ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો, ઊર્જા સલામતી, સંશોધન અને વિકાસનો સમાવેશ થાય છે.

લોકસભામાં બજેટ રજૂ કરતા સુશ્રી સીતારમણે જણાવ્યું કે, અનેક વૈશ્વિક અવરોધો છતાં ભારતીય અર્થતંત્રએ નોંધપાત્ર દેખાવ કર્યો છે અને આગામી વર્ષોમાં સૌથી ઝડપથી વૃધ્ધિ પામતુ અર્થતંત્ર બનશે.

પ્રથમ નોકરી કરનાર કર્મચારી માટે નવી સ્કીમ જાહેર કરવામાં આવી છે, જેમાં સરકાર એક લાખ રૂપિયા સુધીની માસિક આવક ધરાવનાર કર્મચારીને ત્રણ હપ્તામાં રૂપિયા 15 હજાર સુધીનો માસિક પગાર જમા કરશે. આ યોજનાનો લાભ બે કરોડ યુવાનોને થશે.

દેશની પાંચ સો કંપનીઓમાં પાંચ કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ પર રાખવામા આવશે.પગારદાર કરદાતાઓને રાહતમાં સ્ટાન્ડર્ડ ડિડક્શન પચાસ હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

ફેમિલી પેન્શનર્સ માટેનું સ્ટાન્ડર્ડ ડિડક્શન પણ 15 હજાર રૂપિયાથી વધારીને 25 હજાર કરવામાં આવ્યું છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## બજેટ –નાણામંત્રી-2

નવી કર પ્રણાલિ માટે કર માળખું સુધારવામાં આવ્યું છે, જેમાં રૂપિયા ત્રણ લાખ સુધીની આવક પર કોઈ વેરો નહીં લાગે.

આગામી બે વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવામાં આવશે.

સોના અને ચાંદી પરની કસ્ટમ્સ ડ્યુટી ઘટાડીને છ ટકા અને પ્લેટિનમ પરની ડ્યુટી 6.4 ટકા કરવામાં આવી છે.

પીએમ આવાસ યોજના 2.0 હેઠળ એક કરોડ શહેરી ગરીબ અને મધ્યમવર્ગનાં પરિવારો માટે આવાસ બનાવવા 10 લાખ કરોડ રૂપિયાનું રોકાણ કરશે.

બજેટમાં સુક્ષ્મ લઘુ, અને મધ્યમ એકમો- એમએસએમઇ અને ઉત્પાદન પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. મુદ્રા લોનની મર્યાદા 10 લાખ રૂપિયાથી વધારીને 20 લાખ રૂપિયા કરવામા આવી છે. ખેડૂતો માટેની સહાય જાહેર કરતા સુશ્રી સીતારમણે જણાવ્યું કે, જમીન નોંધણીમાં છ કરોડ ખેડૂતોની માહિતી આપવામાં આવશે અને પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

સરકારે નવી કર વ્યવસ્થા હેઠળ કર માળખામાં ફેરફાર કર્યો છે. ત્રણ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ કર નહીં લાગે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## PM/CM-બજેટના પ્રતિભાવ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બજેટને આવકારતાં જણાવ્યું હતું કે, આ અંદાજપત્ર સમાવેશી વિકાસ, સમાજના દરેક વર્ગને લાભકારી નીવડશે અને વિકસિત ભારતનો માર્ગ પ્રશસ્ત કરશે. રાષ્ટ્રને વિકાસની નવી ઉંચાઇએ લઇ જનારા અંદાજપત્ર માટે પ્રધાનમંત્રીએ તમામ નાગરિકોને અભિનંદન આપ્યા છે.

તો મુખ્યમંત્ર ભુપેન્દ્ર પટેલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત માટે જે નવ પ્રાથમિકતા નક્કી કરી છે તેને સર્વગ્રાહી વેગ આપતુ બજેટ ગણાવ્યુ છે.

**(NSD)**

---

## કચ્છમાં સચરાચર વરસાદ

કચ્છમાં છેલ્લા ઘણા દિવસોથી મેઘાવી માહોલ વચ્ચે ગઈકાલે સાર્વત્રિક અનરાધાર વરસાદ વરસી જતાં અડધા થી આઠ ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો.તેમાં નખત્રાણા,માંડવી,મુન્દ્રા અને અબડાસામાં  અનરાધાર વરસાદ વરસતા સર્વત્ર પાણીના દર્શ્યો સર્જાયા છે. ભારે કહી શકાય તેવા આ વરસાદના પગલે કચ્છના મધ્ય સિંચાઈ યોજનાના  6 ડેમ છલકાયા છે. જયારે એક ડેમ ભરાવાના આરે છે. અબડાસાનો કંકાવટી, બેરાચીયા અને મીઠી ડેમ ઓવરફ્લો થઈ જતાં આ ડેમોના પાણી પર નભતા અનેક ગામોના  પીવાના પાણી તથા સિંચાઈનો પ્રશ્ન એક ઝાટકે હલ થઈ ગયો છે. એજ રીતે લખપતનો ગજણસર,મુન્દ્રાનો કારાઘોઘા, માંડવીનો ડોણ ડેમ પણ ઓવરફ્લો થઈ ગયા છે. નખત્રાણાનો મથલ ડેમ 95 ટકા ભરાઈ ગયો છે.

જીલ્લા કંન્ટ્રોલ રૂમ પાસેથી મળતી માહિતી મુજબ ગઈકાલે સવારે 6 વાગ્યાથી આજે સવારના 6 વાગ્યા સુધી વરસાદના આંકડા આ મુજબ છે. માંડવી તાલુકામાં 156 મિ.મિ, મુન્દ્રા 152, નખત્રાણા 131, રાપર 110, અંજાર 89,

લખપત 77,ગાંધીધામ 49, ભુજ 30,અબડાસા 19, ભચાઉ 8 મિલિમીટર વરસાદ નોંધાયો છે.

બીજી તરફ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ  પ્રાથમિક શાળાઓના આચાર્યો, મુખ્ય શિક્ષકો વગેરે જોગ પરીપત્ર જાહેર કરીને અપડાઉન કરતા છાત્રોને સાવચેત રાખવા તાકીદ કરી છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં શિક્ષણકાર્ય ચાલુ રાખવા કે ન રાખવા  અંગે જાતે નિર્ણય લેવા સુચના આપી છે.

**(શીતલ શૈશ્નવ/NP)**

-----------------------------------------------------------------------

# ચાંદીપુરા કેસ

રાજ્યમાં હાલમાં ચાંદીપુરાના શંકાસ્પદ 88 કેસ છે. આમાંથી કુલ 22 કેસ પોઝિટિવ આવ્યા છે. સત્તાવાર યાદી મુજબ, આ પૈકી સૌથી વધુ 11 કેસ પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે.

**(RNU અમદાવાદ)**

-----------------------------------------------------------------------